# પ્રાંતિજ સહિત તાલુકામા 'પૂર્ણા દિવસ' ની ઉજવણી કરવામા આવી



પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકા મા પૂર્ણા દિવસ ની ઉજવણી કરવામા આવી હતી જેમા કિશોરીઓને માસિક ધર્મમા સ્વચ્છતા અંગે માર્ગદર્શન સહિત સેનીટરી કિટનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ ધટક ૨ નો પ્રાંતિજ અર્બન વિસ્તાર મા આવેલ આંગણવાડી જેમા બંબાવાસ, હરિજનવાસ, નવો વાધરીવાસ સહિત ની આંગણવાડીમા તથા બાલીસણા સેકટરની રાસલોડ ૨ કેશરપુરા ૨ કેન્દ્રમાં પૂર્ણા દિવસ ઝ્ઢજી અંતર્ગત ઉજવણી માં કિશોરીઓને માસિક ધર્મ માં સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપેલ અને સેનીટરી પણ વિતરણ કરવામા આવ્યુ હતુ અને પૂર્ણા દિવસ ની ઉજવણી માં કિશોરીઓને પેકેટ વિષે સમજણ આપી અને પેકેજ માંથી વાનગી કેવી રીતે બનાવવી તે વિષે સમજણ આપી હતી અને પૂર્ણા યોજના અંતર્ગત વિવિધ કૌશલ્ય વર્ધન તાલીમા il કોર્સ વિશે માહિતગાર કરેલ તથા રેડકોટ ચેલેન્જ અંતર્ગત દરેક કિશોરીઓએ માસિક ધર્મ વિશે મુક્ત મને વાત કરી શકે તે માટે ઉજવણી કરવામા આવી અને પૂર્ણા પેકેટ કે જે કિશોરીઓ માટે આરોગ્ય વર્ધક છે તેનુ વિતરણ કરવામા આવ્યુ હતુ અને પ્રાંતિજ તાલુકાની તમામ કેન્દ્રો પૂર્ણા દિનમા કિશોરીઓને ખુબજ ઉત્સાહ થી ભાગ લીધો હતો અને જન ભાગીદારીથી icds યોજના ની તમામ સેવાનો પ્રચાર પસાર કરેલ આમ પ્રાંતિજ માં iCDS શાખાના બાળ વિકાસ યોજના અધિકારી તથા મુખ્ય સેવિકા દ્વારા સીધા માર્ગદર્શન આખા પ્રાંતિજ તાલુકાની તમામ કેન્દ્રોમા પૂર્ણા દિનમા કિશોરીઓએ ખુબજ ઉત્સાહ થી ભાગ લીધો અને જન ભાગીદારી થી ષ્ઠઙ્ઘજ યોજના ની તમામ સેવાનો પ્રચાર પ્રસાર કર્યો હતો.

### આંખ પર રોગના સકંજાથી અસંખ્ય કબૂતરોને અંધાપો

# જિલ્લામાં શાંતિદૂત ગણાતા હજારો કબૂતરોમાં ભેદી રોગનાં લક્ષણો

## આંખ, ચાંચ અને પગ પર અછબડા જેવા દાણા ઉપસી આવતાં દયનીય સ્થિતિ

બાયડ, તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પક્ષીઓમાં શાંતિદૂત ગણાતા કબૂતરોમાં ભેદી રોગનાં લક્ષણો જોવા મળ્યાં છે. ચાંચ, પગની સાથે આંખ ઉપર અછબડા જેવા દાણા ઉપસી આવતાં અસંખ્ય કબૂતરોને આંખે અંધાપો આવવાથી દયનીય સ્થિતિ છે. કાળઝાળ ગરમીમાં કબૂતરોમાં જાણે ચેપી રોગ ફેલાયો હોય તે રીતે એક પછી એક કબૂતરો ભેદી રોગમાં સપડાઈ રહ્યાં છે.

બદલાતા જતા હવામાનમાં માત્ર માનવીમાં જ રોગનાં લક્ષણ દેખાય એવું નથી પરંતુ ઘરઆંગણાના પક્ષીઓ પણ રોગથી સંક્રમિત થતાં હોય છે પણ ભાગ્યે જ તેની નોંધ લેવાતી હોય છે. જિલ્લામાં દેહ દઝાડતી ગરમીના માહોલમાં ઘરઆંગણાના પક્ષીઓની હાલત અત્યંત કફોડી બની છે ત્યાં કબૂતરોમાં ભેદી રોગે દેખા દીધી છે. છેલ્લા કેટલાક સમયથી પંખીઓને ચણ નાખવાની પરંપરા જળવાયેલી રહી જેના કારણે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં



કબૂતરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જરુર થયો પરંતુ હવે કબૂતરોમાં રોગનાં લક્ષણોએ પક્ષી પ્રેમીઓને ચોંકાવી દીધા છે. જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી અસંખ્ય કબૂતરોની ચાંચ, આંખ અને પગના ભાગે અછબડા જેવા દાણા ઉપસી આવ્યા હોવાના કારણે રોગથી પીડીત કબૂતરો ઉડી પણ શકતાં ન હોય તેવી સ્થિતિમાં ભૂખ્યાં, તરસ્યાં કબૂતર એક જગ્યાએ જ બેસી રહેતા જોવા મળી રહ્યા છે. કબૂતરોની પ્રજાતિ કોઈ ગંભીર રોગચાળાના સકંજામાં આવી હોય તે રીતે અસંખ્ય કબૂતરો રોગમાં સપડાઈ કદરુપાં બનવાની સાથે મોતના મુખમાં ધકેલાઈ જતાં હોય છે. છેલ્લા કેટલાક દિવસોથી પક્ષીવિદોના ધ્યાન ઉપર આ હકીકત આવી જેમાં કબૂતરને જે જગ્યા પર પીછાં ન હોય એ જગ્યા પર સી-અછબડા જેવા લક્ષણો વધુ જોવા મળી રહ્યાં છે. ખાસ કરીને ચાંચ, પગ અને આંખના ભાગે દાણા ઉપસેલા જોવા મળી રહ્યા છે. કબૂતરોમાં જોવા મળેલો ભેદી રોગ ચેપી હોય તે રીતે અન્ય કબૂતરોની હાલત પણ કફોડી બનતી જાય છે. અગાઉ પક્ષીઓમાં બર્ડફલુનાં લક્ષણો જણાઈ આવતાં સમગ્ર રાજ્યમાં તકેદારીના ભાગરુપે પશુપાલન વિભાગ દોડતું થયું હતું અને પોલ્ટ્રી ફાર્મમાં પણ રોગીસ્ટ જણાતા મરઘાઓને રસી આપી સુરક્ષિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ છેલ્લા કેટલાક સમયથી શાંતિદૂત ગણાતા કબૂતરો એક પછી એક ભેદી રોગની ઝપેટમાં આવતાં હોવા છતાં રોગની કોઈ તપાસ થતી નથી.

**ખોરાકની આડઅસરથી કબૂતરોમાં રોગ વકર્યાની શંકા**

જિલ્લામાં કાળઝાળ ગરમીના માહોલમાં કબૂતરોમાં અછબડા જેવા રોગના લક્ષણોએ પક્ષી વિદોને ચોંકાવી દીધા છે ત્યારે ખોરાકની આડઅસરથી કબૂતરોમાં આ રોગચાળો વકર્યાની આશંકા વ્યક્ત થઈ છે. સામાન્ય રીતે કબૂતરોને જુવાર, બાજરી અને ઝારનું ચણ નાખવામાં આવતું હોય છે જે ઉનાળાની અસહ્ય ગરમીમાં ખોરાક તરીકે બહુ ગરમ પડતું હોય છે જેના કારણે કબૂતરોના શરીર ઉપર દાણા ઉપસી આવતા હોય છે. દાણા ઉપસ્યા પછી મચ્છર દ્વારા આ રોગ એક કબૂતર થી બીજા કબૂતરમાં પ્રસરતો હોવાનું પક્ષી જાણકારો જણાવી રહ્યા છે.

**કબૂતરમાં જોવા મળેલ રોગ ઓરી-અછબડા - પશુપાલન નિયામક**

સાબરકાંઠા પશુપાલન નિયામક જે.બી.પટેલનો સંપર્ક કરતાં જણાવ્યું કે પક્ષીઓમાં આ એક પ્રકારનો ચેપી ગણાતો ઓરી-અછબડાનો રોગ છે અને તેની સારવાર સમયસર આપવામાં ન આવે તો આંખને નુકસાન થવાની સંભાવના રહેલી છે.

### તોતિંગ વિજ બીલ ભરવા કરતાં ટેક્રરોથી પાણી આપવું સસ્તું !!

# અરવલ્લી જિલ્લામાં નર્મદાનાં પાણીથી ૩૮ તળાવ ભરવાનું વિજ બીલ રૂા. ૧.૯૦ કરોડ

**ઉદવહન સિંચાઈ યોજનામાં પંપીંગ સ્ટેશન ધોળા હાથી પાલવવા બરાબર : એક જ મહિનામાં ફરીથી ખાલીખમ થયેલાં ૪૬ તળાવો ભરવા ફરી સરકારમાં દરખાસ્ત**

બાયડ, તા.૨૪

કાળઝાળ ઉનાળામાં પાણીનું બાષ્પીભવન વધતાં તળાવો ખાલીખમ થઈ રહ્યાં છે ત્યારે અરવલ્લી જિલ્લાના બાયડ, મોડાસા, માલપુર તાલુકાના ૩૮ તળાવો ગત મહિને ભરવા પાછળ અધધ રુ ૧.૯૦ કરોડનું વિજબીલ આવ્યું છે. ઉદવહન સિંચાઈ યોજનામાં પંપીંગ સ્ટેશન ધોળા હાથી પાલવવા બરાબર સાબિત થઈ રહ્યા છે ત્યારે સરકાર ઘરેલું સિંચાઈ યોજનાઓને પ્રોત્સાહન આપે તો પણ ખેડૂતોને મહત્તમ સિંચાઈનો લાભ આપવાની સાથે ખાલીખમ તળાવો ભરી શકાય. જ્યારે અરવલ્લી ઉપરાંત ખેડા અને મહિસાગરના ૮ તળાવ પણ ઉદવહન સિંચાઈ યોજના મારફતે ભરવામાં આવે છે. પ્રાપ્ત જાણકારી અનુસાર નવરચિત અરવલ્લી જિલ્લાને રાજ્યના પ્રથમ મહિલા મુખ્ય મંત્રીએ ૫૫૫ કરોડની સિંચાઈ યોજનાનો લાભ આપ્યા પછી નર્મદાનાં નીર જિલ્લાનાં ખાલી તળાવ અને વાત્રક, માસ્ટ્સ, મેશ્વો ડેમમાં પાણી ઠાલવવા માટે એસ.કે.-૨ યોજના



અમલી બનાવી હતી. પરંતુ અત્યારે સ્થિતિ એવી છે કે તળાવોનાં પાણીનું એક બુંદ મોંધુ સાબિત થઈ રહ્યું છે. આ વર્ષે જાન્યુઆરીના અંતમાં મોટાભાગનાં તળાવો સૂકાયાં અને તંત્ર સમક્ષ તળાવો ભરવાની દરખાસ્ત આવતાં સરકારની મંજૂરી પછી નર્મદાનાં નીર ઉદવહન સિંચાઈ યોજના મારફતે બાયડ, મોડાસા અને માલપુરના તળાવોમાં ઠાલવવામાં આવ્યાં. જિલ્લાના ૩૮ અને ખેડા જિલ્લાના ૪ અને મહિસાગરના ૪ મળી કુલ-૪૬ તળાવો ભરવા માટે રાજ્ય સરકારની મંજૂરી મળ્યા પછી ગત તા.૧૭ એપ્રિલ થી ૨૯ એપ્રિલ દરમ્યાન પ્રતિદિન ૧૦૦ ક્યુસેક પાણી મારફતે તળાવ ભરવાની શરુઆત થઈ પરંતુ તે માટે કાર્યરત કરાયેલા વાઘરોલી, જાલમપુરા



અને સાયરાના પંપીંગ સ્ટેશનોનાં અધધ વિજ બીલ આવતાં તળાવો ભરવા પાછળ થઈ રહેલા ખર્ચની વિગતો સાંભળી પ્રજા પણ ચોંકી ઉઠી છે. જો પંપીંગ સ્ટેશનનું વિજ બીલ માત્ર ૧ મહિનામાં કરોડો રુપિયા ઉપરાંતનું આવતું હોય તો સરકારે ઉદવહન સિંચાઈ યોજના માટે હવે કોઈ નવી વ્યવસ્થાનું આયોજન કરવું જોઈએ જેથી ખેડૂતોથી માંડી સ્થાનિક પશુપાલકોને પણ યોજના રાહતરુપ લાગે.

# ગણપત વિદ્યાલયની બારમા ધોરણની બે વિદ્યાર્થીઓનો ઝહળતો દેખાવ !!

**બોર્ડના સૌથી ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર એક ટકા વિદ્યાર્થીઓમાં સ્થાન મળ્યું**



ગણપત વિદ્યાનગર, તા.૨૪

ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ માર્ચ-૨૦૨૩માં યોજાઈ ગયેલી ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ગણપત યુનિ. સ્થિત ગણપત વિદ્યાલય (શાળા)નું પરિણામ ખુબ જ ઝળહળતું આવેલ છે. મહેસાણા જિલ્લા (પૂર્વ)નું પરિણામ ૫૮.૬૮ ટકા આવ્યું છે. જયારે શાળાનું પરિણામ ૭૩.૯૧ ટકા આવ્યું છે.

શાળાના વિદ્યાર્થીઓ ગઢવી અવનીબા દિલીપસિંહ ૯૭.૧૩ પર્સન્ટાઈલ સાથે પ્રથમ ક્રમે, ન્યાતિ અમીષા ૯૩.૪૫ પર્સન્ટાઈલ સાથે દ્વિતિય ક્રમે તેમજ મિશ્રા ૯૧.૫૨ પર્સન્ટાઈલ સાથે તૃતીય ક્રમે ઉત્તીર્ય થયેલ છે.

ગણપત યુનિવર્સિટીએ આ બાળકોના ઉત્કૃષ્ટ પ્રદર્શનની યોગ્ય નોંધ લઈ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, જોઈન્ટ ડાયરેકટર જનરલ શ્રી ડેનિયલ મોન્ટે પ્રેઈસર, પ્રો. વાઈસ ચાન્સેલર, ડૉ. આર.કે. પટેલ,એક્ઝિક્યુટીવ રજિ. ડૉ. ગિરીશ પટેલ, પ્રો. વાઈસ ચાન્લેસર, ડૉ. સત્યેન પરીખ, ગણપત વિદ્યલય (શાળાના આચાર્ય ચેતન શુકલ વગેરે મહાનુભાવોના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર શાળા અને યુનિવર્સિટી સહિતના ટ્રસટીઓ વાલી,ઓ, શિક્ષણ ગણ અને વિદ્યાર્થીઓએ પણ આ બંને વિદ્યાર્થીઓની સફળતાને બિરદાવી, શુભકામના પાઠવી હતી.

# પ્રાંતિજ ખાતે યુવતીઓ મહિલાઓને 'ધ કેરલા સ્ટોરી' ફિલ્મ બતાવવામા આવી

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે હિન્દુ વિચાર ધારા સંગઠન ટીમ દ્રારા મહિલાઓને ધ કેરાલા સ્ટોરી ફિલ્મ બતાવવામા આવી. પ્રાંતિજ ખાતે હિન્દુ વિચાર ધારા સાથે સંકળાયેલ સંગઠનો દ્રારા પ્રાંતિજ ખાતે રહેતી યુવતીઓ મહિલાઓને ધ કેરલા સ્ટોરી ફિલ્મ બતાવવામા આવી હતી ત્યારે ઉલ્લેખનીય છેકે લવ જેહાદ ઉપર થી પડદો ઉઠાવતી ધ કેરલા સ્ટોરી ને હિન્દુ સેના આવકારી રહી છે અને ૧૪ વર્ષ થી ઉપર ની બહેન-દિકરીઓને આ ફિલ્મ ને જોવા માટે હિન્દુ સેના દ્રારા નિઃશુલ્ક વ્યવસ્થા ઉભી કરવામા આવીહતી જેમા ધોરણ ૮ થી ૧૨ તેમજ કોલેજ કરતી દિકરીઓ તથા બહેનોને આ ફિલ્મ જોવા વ્યવસ્થા કરવામા આવી હતી અને પ્રાંતિજ ખાતે આવેલ એક થિયેટર માં ફિલ્મ બતાવવામા આવી હતી ત્યારે ખરેખર યોગ્ય સમાજ ના ભાગરૂપે એક સાથે બધી દિકરીઓને ફિલ્મ બતાવવાનો વિચાર હિન્દુ વિચાર ધારા સંગઠન દ્રારા કરવામા આવ્યો અને યુવતીઓ મહિલાઓને આ ફિલ્મ બતાવવામા આવી તો તેની પાછળ નો હેતુ એ છેકે દિકરીઓ ખોટા રસ્તાથી પાછી વળે અને જે દુર્ધટના કેરલા મા બની તે આપણા ગુજરાત સાબરકાંઠા અને પ્રાંતિજ મા ના બને તે માટે બહેન -દિકરીઓ-મહિલાઓને ફિલ્મ બતાવી જાગૃત કરવામા આવ્યા હતા અને મજબૂત બને પોતાના માતાપિતા અને પોતાના ભારતદેશ ના હિત માં વિચારે અને પોતાનુ ભવિષ્ય દાવ પર ના ચડાવે એ માટે હિન્દુ વિચાર ધારા સંગઠન તરફથી પ્રાંતિજ ખાતે રહેતી બહેન દિકરીઓ મહિલાઓને ફિલ્મ બતાવવામા આવી હતી ત્યારે હિન્દુ વિચાર ધારા ટીમ દ્રારા આ ફિલ્મ મા કેટલાક દ્રશ્યો ને લઈ ને માત્ર આ ફિલ્મ ફક્ત દિકરીઓ અને બહેનો મહિલાઓને જ બતાવી હતી અને ફિલ્મ



નિહાળતી વખતે કોઈ પણ પુરુષ વ્યક્તિ થિયેટર મા હાજર ન હતા જેથી આ હિન્દુ વિચાર ધારા ટીમ ની ખુબજ સરાહનીય કામગીરી છે તેમ કહીએ તો નવાઈ નહી અને અન્ય સમાજ કે હિન્દુ ધર્મ ની વિચાર ધારા વાળા આ ફિલ્મ બતાવેતો આ રીતે એકલી યુવતીઓ કે મહિલાઓનેજ ફિલ્મ બતાવી તે પણ એક સરાહનીય કાર્ય છે ત્યારે આ ફિલ્મ મા કેટલાક દ્રશ્યો એવા છેકે આ ફિલ્મ પોતાની બહેન-દિકરીઓ કે પછી ફેમીલી સાથે નિહાળી શકાય તેવી નથી ત્યારે કેટલા હિન્દુ વિચાર ધારા સંગઠન કે પછી કોઇ એક સમાજ દ્રારા જોસમા આવીને કેટલાક હિન્દુ ધર્મ વિચાર ધારા વાળા કે પછી કોઇ એક સમાજ ના લોકો ભાનભુલી ને થિયેટર મા પર પુરુષો સાથે આ ફિલ્મ બતાવે છે તેવા લોકો માટે પણ આ એક શિખ બરાબર છે તેમ કહીએ તો નવાઈ નહી.

# જિલ્લા પોલીસને ફાળવેલા ૨૫૨ બોડીવોર્ન કેમેરા માત્ર પરીક્ષા પૂરતા ઉપયોગી

## સઘન ચેકીંગ દરમ્યાન મોટાભાગે કેમેરા લગાવાતા નથી

બાયડ, તા.૨૪

પોલીસ તંત્રમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને જડમૂળમાંથી ઉખાડી કાઢવા માટે ગૃહ વિભાગ દ્વારા દરેક જિલ્લા પોલીસને બોડીવોર્ન કેમેરા ફળવાયા હતા. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ પોલીસને ગત વર્ષે ૨૫૨ બોડીવોર્ન કેમેરા ફળવાયા પરંતુ તે માત્ર પરીક્ષામાં સુરક્ષા ચકાસવા માટે ઉપયોગ થાય છે. અન્ય વાહનો સહિત સંદિગ્ધ ચકાસણી દરમ્યાન બોડીવોર્ન કેમેરા મોટાભાગે લગાવવામાં આવતા નથી જેના કારણે સાચો ઉદ્દેશ્ય મરી પરવાર્યા જેવી સ્થિતિ છે.પ્રાપ્ત જાણકારી અનુસાર ટ્રાફીક, રેલી તેમજ પેટ્રોલીંગ દરમ્યાન દરેક હલચલ ઉપર ધ્યાન રાખવા માટે પોલીસને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવાના ઈરાદે બોડીવોર્ન કેમેરા આપવામાં આવ્યા હતા. જિલ્લાના હિંમતનગર એ-ડીવીઝન, બી-ડીવીઝન, ગ્રામ્ય, ઈડર, જાદર, વડાલી, ખેડબ્રહ્મા, ખેરોજ, પોશીના, વિજયનગર, ગાંભોઈ, તલોદ, પ્રાંતિજ, આંબલિયારા, સાઠંબા, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ઈસરી, મોડાસા ટાઉન, મોડાસા ગ્રામ્ય, શામળાજી, ભિલોડા સહિતના પોલીસ સ્ટેશનમાં બોડીવોર્ન કેમેરા આપી કર્મચારીઓને તાલીમબદ્ધ કરાયા પરંતુ જ્યાં પણ સઘન ચેકીંગ ચાલતું હોય કે રસ્તા ઉપર જતા-આવતા વાહનોની પોલીસ દ્વારા ચકાસણી થાય તે સમયે મોટાભાગે પોલીસ કર્મીઓ બોડીવોર્ન કેમેરો ધારણ કરતા ન હોવાનું જણાઈ આવ્યું છે અને ધારણ કર્યો હોય તો તે ચાલુ હાલતમાં છે કે કેમ તેનું અનુમાન લગાવવું મુશ્કેલ છે. અગાઉ જિલ્લા પોલીસને ઓવર સ્પીડમાં દોડતા વાહનો પકડવા માટે સ્પીડ ગન આપવામાં આવી હતી તે પણ હવે શોભાના ગાંઠીયારુપ બની ગઈ છે ત્યારે બોડીવોર્ન કેમેરાની પણ આવી અવદશા ન થાય તે માટે જિલ્લા પોલીસ વડા દ્વારા બોડીવોર્ન કેમેરાના ઉપયોગ ઉપર ભાર મૂકવો જોઈએ જેથી કયા પોલીસ સ્ટેશનમાં શું ચાલી રહ્યું છે તે જાણકારી ઉચ્ચ અધિકારીઓ સુધી આસાનીથી પહોંચી શકે.

**જિલ્લા પોલીસને ફળવાયેલ બોડીવોર્ન કેમેરા**

| જિલ્લો | કેમેરા સંખ્યા |
|---|---|
| સાબરકાંઠા | ૧૫૦ |
| અરવલ્લી | ૧૦૨ |

# પાલનપુર રેલવે સ્ટેશન પર રેલવે ટ્રેક પર લોકોની અવરજવરથી દુર્ઘટનાનો ભય...

**પાટા પર લોકોની સાથે રખડતા પશુઓની બે રોક ટોક અવરજવર : ટ્રેનોની સતત અવરજવર વચ્ચે લોકો જીવનાં જોખમે પાટા ઓળંગતા જોવા મળ્યા**

પાલનપુર તા.૨૪

પાલનપુર ખાતે આવેલ રેલવે સ્ટેશન પર દિવસભર ટ્રેનો ની ભારે અવર જવર રહે છે. જે વચ્ચે પણ કેટલાક લોકો પોતના જાનની પરવા કર્યા વિના રેલવેના પાટા ઓળંગતા જોવા મળે છે .તેમજ રેલવે સ્ટેશન ના વિવિધ પ્લેટફોમ પર આવેલી રેલવે ટ્રેક પર પણ રખડતા પશુઓ લટાર મારતાં હોય છે .જેને લઈને ભવિષ્યમાં દુર્ઘટના સર્જાવા ની ભીતી સેવાઈ રહી હોય રેલવે તંત્ર દ્વારા આ બાબતે ગંભીરતા દાખવવાની જરૂર છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,રેલવે પાટાઓ પર થતા અકસ્માત ને નિવારવા માટે સરકાર દ્વારા ફાટક રહીત રેલવે બનાવવાનું અભિયાન શરૂ કર્યુ છે. જેમાં ફાટકો દૂર કરી લોકો તેમજ વાહનોની અવરજવર માટે ઠેરઠેર ઓવરબ્રિજ તેમજ અંડર પાસ બનાવવામાં આવી રહ્યા છે. અને શેહરી તેમજ ગ્રામ્ય વિસ્તારના પસાર થતી રેલવે લાઈન પર લોકોની અવર



જવર રોકવા બંને સાઈડ લોખંડ ની જાળી ઓ ફિટ કરવામાં આવી રહી છે .તો પાલનપુરમાં રેલવે સ્ટેશન પર લોકોને વિવિધ પ્લેટફોર્મ પર જવા આવવા માટે સીડી અને લિફટ ની વ્યવસ્થા હોવા છતાં કેટલાક લોકો એક પ્લેટફોર્મ પર થી બીજા પ્લેટફોર્મ પર જવા ટ્રેનો ની અવર જવર વચ્ચે પણ રેલવેમાં પાટા ઓળંગતા જોવા મળે છે.જોકે લોકોની આ મૂર્ખામી ને લઈ ભવિષ્યમાં દૂર્ઘટના સર્જાવાની શક્યતા નકારી શકાતી નથી. જોકે રેલવે સ્ટેશનના પાટાઓ પર લોકોની બેરોકટોક અવજવર ની સાથે રખડતા પશુઓ પણ ટહેલતા જોવા મળે છે. ત્યારે રેલવે તંત્ર દ્વારા રેલવે સ્ટેશન પર સલામતીના ભાગ રૂપે લોકોને રેલવે ના પાટા ઓળંગતા બંધ કરાવે તેમજ રખડતા પશુઓને રેલવે ટ્રેક ઉપર આવતા અટકાવે તે આવશ્યક છે.

**ભૂતકાળમાં અનેક લોકોએ રેલવે પાટા ઓળંગતા જીવ ગુમાવ્યા છે...**

પાલનપુર શહેરના મધ્યમાંથી પસાર થતી રલેવ લાઈન ને પગલે લોકોએ એક બાજુ થી બીજી તરફ જવા ભમવું ન પડે તે માટે સોર્ટ માર્ગ અપનાવી ઉતાવળે રેલવેના પાટા ઓળંગતા હોય છે. જેમાં કેટલીક વાર અચાનક ટ્રેનની અડફેટે આવી જવા થી ભવિષ્યમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારે પાલનપુરમાં અગાઉ થયેલ ઘટનાઓની પુનરાવર્તન ન થાય તે માટે રેલવે તંત્ર દ્વારા તકેદારીના પગલા ભરવાની જરૂર છે.

### બનાસકાંઠા જિલ્લામા ઉનાળાની અસર વર્તાવા લાગી...

# બપોરના સમયે આગ ઝરતી ગરમીને લઈ રોડ રસ્તા સૂમસામ બન્યા

પાલનપુર તા.૨૪

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો ઉંચકાય રહ્યો હોય અને બપોરના સમયે સૂર્ય નારયણ તપવા લાગતા આકાશ માંથી આગ ઝરતી ગરમી વરસવા લાગતા લોકો ગરમીના પ્રકોપ થી બચવા માટે બપોરના સમયે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે .અને ઘરમાં એસી.કુલર પંખા જેવા વિજ ઉપકરણો ના સહારો મેળવી રહ્યા હોય બપોરના સમયે બજારો અને રોડ રસ્તા સૂમસામ જોવા મળી રહ્યા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુરનો અહેવાલ વધુમાં જણાવે છે કે, ગુજરાત ના સરહદી બનાસકાંઠા જિલ્લામાં ઉનાળો આકરો તપવા લાગતા દિનપ્રતિદિન ગરમીમાં વધારો થઈ રહ્યો છે .જેમાં પાલનપુર ડીસા, ધાનેરા દાંતીવાડા દાંતા અંબાજી શિહોરી કાંકરેજ થરા ભીલડી થરાદ,વાવ,સુઈગામ



સહિતના વિસ્તારોમાં ગરમી પ્રમાણ સતત વધી રહ્યું હોય અને બપોરના સમયે આકાશમાં આગ ઝરતી ગરમી વરસતા લોકો ગરમીથી બચવા અવનવા અખતરા અજમાવતા થયા છે. જેમાં મોટાભાગના લોકો ગરમી થી રાહત મેળવવા બપોરના સમયે બહાર જવાનું ટાળી રહ્યા છે. જેના કારણે બજારો અને જાહેર રસ્તા પર જાણે કરફ્યુ લાગ્યો હોય તેવો સૂમસામ ભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. બીજી બાજુ લોકો ગરમીના પ્રકોપ થી બચવા માટે વિજ ઉપકરણો, ઠંડા પીણા,ફ્રૂટનો સહારો લઈ રહ્યા છે. સાથે સેવાભાવી સંસ્થાઓ દ્વારા પણ બજારમાં આવતા લોકોને ગરમીના સમયે ઠડું પાણી અને છાશ મળી રહે છે . ઠેર ઠેર પાણીની પરબો શરૂ કરવામાં આવી છે .જોકે હાલ ગરમી ના માહોલ વચ્ચે ક્યાંક ક્યાંક વાતાવરણ વાદળ છાયુ બનતા બફારા નુ પ્રમાણ વધતા લોકો ગરમી અને બાફ થી અકળાઈ રહ્યા છે.